આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:- ૦૬-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ-સુપ્રિમ કોર્ટ

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું છે કે સમાજને વધુ સશક્ત બનાવવાનીરાષ્ટ્રની ગતિને પારદર્શક ન્યાય પ્રણાલી વધુ વેગવંતી બનાવી શકે છે.

રાષ્ટ્રપતિએ ગઇકાલે સાંજે રાષ્ટ્રપતિ ભવન ખાતે સુપ્રીમકોર્ટના ત્રણ પ્રકાશનોના વિમોચન પ્રસંગે પોતાના સંબોધનમાં આ પ્રમાણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, સમાનતા અને સમાન ન્યાયનો આદર્શ ન્યાયતંત્ર માટે માર્ગદર્શક સિદ્ધાંત હોવો જોઈએ. રાષ્ટ્રપતિ મુર્મુએ ખુશી વ્યક્ત કરી કે સર્વોચ્ચ અદાલત તેની સ્થાપનાના 75માં વર્ષ માટે પરીણામલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરી રહી છે. રાષ્ટ્રપતિએ વધુમાં જણાવ્યું કે, લોક અદાલતનું આયોજન અને જિલ્લા સ્તરના ન્યાયિક અધિકારીઓની પરિષદનું આયોજન એ ન્યાય પ્રણાલીની પાયાની જરૂરિયાતોના બે ઉદાહરણો છે.

આ પ્રસંગે બોલતા દેશના મુખ્ય ન્યાયાધીશ ડી વાય ચંદ્રચુડે કહ્યું, કે, આ બહાર પાડવામાં આવેલા તમામ પ્રકાશનોમાં પારદર્શકતાનું તત્વ છે. મુખ્ય ન્યાયાધીશે જણાવ્યું કે, આ ત્રણ પ્રકાશનોમાંથી, એક નિબંધોનો સંગ્રહ છે જે કોર્ટની સ્થાપના પછીના ન્યાયશાસ્ત્રનું વિશ્લેષણ કરે છે, જ્યારે બાકીના બે અભ્યાસો છે જે યુનિવર્સિટીઓમાં કાનૂની સહાય કોર્ષોની કામગીરી અને જેલોની સ્થિતિનું મૂલ્યાંકન કરે છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## સંસદનું શિયાળુ સત્ર

સંસદનું શિયાળુ સત્ર 25 નવેમ્બરથી 20 ડિસેમ્બર સુધી ચાલશે. સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે

26મી નવેમ્બરે સંવિધાન સદનના સેન્ટ્રલ હોલમાં બંધારણને અનુસરવાની 75મી વર્ષગાંઠની ઉજવણી કરવામાં આવશે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## એસ.ટી.નિગમ

રાજ્યમાં એસ.ટી. નિગમમાં અત્યાર સુધીનું સૌથી વધારે સીટનું બુકિંગ થયું છે. દિવાળી વેકેશનના પગલે 4 નવેમ્બરે એક જ દિવસમાં એક લાખ 41 હજાર 468 સીટનું બુકિંગ થતાં નિગમને ત્રણ કરોડ 15 લાખ 78 હજાર 76 રૂપિયાની આવક થઈ છે એમ ગુજરાત એસ.ટી. નિગમે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દિવાળીના તહેવારો દરમિયાન 26થી 30 ઑક્ટોબર દરમિયાન કુલ 8 હજાર 409 વધારાના ફેરા કરવામાં આવ્યા હતા. દરમિયાન 3 લાખ 90 હજાર જેટલા મુસાફરોએ પ્રવાસ કરતાં નિગમને 6 કરોડ 90 લાખ જેટલી આવક થઈ છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

## ઇલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષા

રાજ્યના વિવિધ કેન્દ્ર ખાતે આગામી 11થી 14 નવેમ્બર દરમિયાન ઇલેક્ટ્રીકલ સુપરવાઈઝર અને વાયરમેનની પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષા માટેનું સમયપત્રક ખાતાની વેબસાઈટ ceiced.gujarat.gov.in પર મુકવામાં આવ્યું છે. એમ ગાંધીનગર ઉદ્યોગભવનના લાયસન્સિંગ બૉર્ડના સચિવની અખબારી યાદીમાં જણાવાયું છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

RNU

## પુનઃપ્રાપ્ય ઊર્જા

ગુજરાત રાજ્યે ગત ઑક્ટોબર મહિનામાં પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે 30 ગીગોવૉટની વિક્રમજનક ક્ષમતા સ્થાપિત કરીને નવી સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે ગુજરાતે દેશમાં આ ક્ષેત્રમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિની સાથે ગુજરાતે ભવિષ્ય માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સંશાધનોના વ્યાપક વિકાસ દ્વારા પર્યાવરણની સલામતી તરફ વધુ એક સોપાન સર કર્યું હોવાનું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ - GUVNLની યાદીમાં જણાવ્યું છે.

GUVNL દ્વારા વર્ષ 2023-24 દરમિયાન આ 13 ગીગાવૉટની સમગ્ર દેશમાં સર્વોત્તમ ક્ષમતાના પુનઃપ્રાપ્ય ઊર્જા કરાર હસ્તાક્ષર કરાયા છે. ઉપરાંત પોતાની સિદ્ધીઓને દેશમાં ઝળહળતી રાખી દેશના ડી-કાર્બનાઈઝેશન લક્ષ્યમાં પોતાનું અગ્રેસર યોગદાન આપવા ગુજરાતે વર્ષ 2030 સુધીનો પુનઃપ્રાપ્ય ક્ષમતાનો મહત્વકાંક્ષી લક્ષ્યાંક પણ નક્કી કર્યો છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## લાભ પાંચમ

આજે લાભ પાંચમનું પર્વ ઉજવાઈ રહ્યું છે. વિક્રમનાં નવા વર્ષ પછી આજથી વેપાર ઉદ્યોગ કાર્યો નો આજથી આરંભ થાય છે. આજે કાંટા પૂજન પછી ખેત બજારોમાં વેચાણ શરૂ થાય છે. આજનું પર્વ જ્ઞાન પંચમી તરીકે પણ જાણીતું છે.

**(ચંદ્રવદન પટ્ટણી/અશરફ નથવાણી)**

---

## હાજીપીરના માર્ગે ટ્રાફિક સમસ્યા

રણ કાંધીએ આવેલ યાત્રાધામ હાજીપીર બાબાની દરગાહ તરફના માર્ગે ફરી એક વખત ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. અકસ્માતના કારણે માર્ગ આડે પડેલા પવનચક્કીના પાર્ટ સાથેના વાહનથી માર્ગ ઉપર અવરોધ સર્જાયો છે, જેને લઈ બન્ને તરફથી વાહનોની અવરજવર બંધ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું છે. એક

RNU BHUJ

તરફ દિવાળીની રજાઓને લઈ દૂર દૂરથી યાત્રિકો દરગાહ પર સલામ ભરવા આવી રહ્યા છે, બીજી તરફ માર્ગ બંધ થઈ જવાથી યાત્રિકોને વાહન ઉભા રાખી 10 થી 12 કિલોમીટર પગપાળા ચાલીને દર્શને જવું પડી રહ્યું છે. આ મામલે સંબંધિત તંત્ર દ્વારા યોગ્ય નિવારણ લાવવા માંગ ઉઠી છે.

**(NP/અશરફ નથવાણી)**

---

## પૂર્વ કચ્છ પોલીસ નેત્રમ

ગાંધીધામ સ્થિત પૂર્વ કચ્છ જિલ્લા પોલીસના કમાન્ડ અને કંટ્રોલરૂમ "નેત્રમ" ની પોલીસવડા સાગર બાગમર દ્વારા સરપ્રાઇઝ વિઝીટ લેવામાં આવી હતી. તેમણે આદિપુર તથા ગાંધીધામ શહેર વિસ્તારમાં તથા ટાગોર રોડ ઉપર લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરાઓ દ્વારા ટ્રાફિક નિયમનની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

**(NP/અશરફ નથવાણી)**

---

## અદાણી પોર્ટ-રો રો ટર્મિનલ

અદાણી પોર્ટ્સ મુંદરા રો-રો ટર્મિનલે સૌથી વધુ કાર શિપમેન્ટ નિકાસ કરવાનો વિક્રમ સર્જ્યો છે. પોર્ટે એમવી મોર્નિંગ ક્લેર જહાજનું સફળતાપૂર્વક સંચાલન કરતાં 5,405 કારની સૌથી મોટી સિંગલ વ્હીકલ નિકાસ કરી છે.

**(NP/અશરફ નથવાણી)**

---